સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો.

- <u>જાહેર તંત્રનો ઉદ્દેશ અને હેતુ :–</u>

કોઈ વર્ષે ઓછો વરસાદ થવાથી અથવા જીલ્લાના કોઈ વિસ્તારમાં ઓછો વરસાદ થવાથી સરકારશ્રી તરફથી ગુજરાત રાહત નિયમસંગ્રહની જોગવાઈઓ મુજબ ચોમાસામાં અપુરતા વરસાદના કારણે પાક નિષ્ફળ જવાથી અછતની પરિસ્થિતી ઉભી થાય ત્યારે પાકની આનાવારી ધ્યાને લઈ અને અછતગ્રસ્ત વિસ્તાર મહેસુલ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવે છે. જેનો હેતુ નીચે મુજબ છે.

–જે વિસ્તારને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ હોય તેવા વિસ્તારોમાં લોકોને પીવાનું પાણી પુરૂ પાડવું

–લોકોને રોજીરોટી પુરી પાડવી

–ઢોરો માટે ઘાસચારો પુરો પાડવો અને પાંજરાપોળો માટે પશુ દીઠ સબસીડી ચુકવી સહાય રૂપ થવું

– અસરગ્રસ્ત વિસ્તારમાં અશકત લોકોને જીવન નિર્વાહ માટે કેશડોલ્સની ચુકવણી ધ્વારા આર્થિક રીતે સહાય રૂપ થવું.

– આ તમામ કામગીરી બરાબર ચાલે છે તે અંગે તપાસણી ટીમો દ્વારા તપાસણી કરાવવી અને ક્ષતીઓ જણાય તો તે ક્ષતીઓ દુર કરાવીને સરકારી નાણાનો દુરઉપયોગ થતો અટકાવવો.

<u>જાહેરતંત્રનું મિશન.</u>

ચોમાસા દરમ્યાન ઓછો વરસાદ થવાથી આવા વિસ્તારને અછતગ્રસ્ત વિસ્તાર તરીકે સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે છે. અછરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને પીવાના પાણીની તંગી ન પડે અને સરળતાથી મળી રહે તેમજ ઢોરોને પુરતો ઘાસચારો મળી રહે તે માટેનું આયોજન કરી લોકોને ઉપયોગી થવું.

<u>ટુંકો ઈતિહાસ અને રચના :–</u>

જીલ્લા કક્ષાએ સરકારશ્રી તરફથી એક નાયબ મામલતદાર (અછત) ની એક કાયમી જગ્યા મંજુર કરવામાં આવેલ છે. સુરેન્દ્રનગર જીલ્લો કચ્છના નાના રણ વિસ્તારને અડીને આવેલ છે. અને જીલ્લામાં ઓછો વરસાદ થવાથી અવાર નવાર અછતની પરિસ્થિતી ઉભી થાય છે. છેલ્લે વર્ષ ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષમાં અછતની પરિસ્થિતી ઉભી થવા પામેલ. આ સમય દરમ્યાન ખેતીના પાકો નિષ્ફળ જવાથી લોકોને રોજગારી મળી રહે અને લોકોને પિવાનું પાણી પુરતા પ્રમાણમાં મળી રહે તેમજ ઢોરોને પુરતો ઘાસચારો મળી રહે તે માટે સરકારશ્રીના ગુજરાત રાહત મેન્યુઅલની જોગવાઈઓ અનુસાર કામગીરી કરવામાં આવેલ. અને જીલ્લામાં અછત–રાહતના કામો, પીવાના પાણી ના ટેન્કરો તથા ઢોરો માટે ઘાસચારો પુરો પાડવો અને ઢોરવાડા મંજુર કરવામાં આવેલ.

<u>જાહેર તંત્રની ફરજોઃ–</u>

સરકારશ્રીના મહેસુલ વિભાગ દ્વારા જે વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ઓછો વરસાદ થયેલ હોય અને તેવા વિસતારોમાં આનાવારી પધ્ધતિ મુજબ અછતગ્રસ્ત વિસ્તાર જાહેર કરવામાં આવે છે તેવા વિસ્તારમાં દરેક તાલુકાવાર એક નાયબ મામલતદાર (અછત) ની જગ્યા ઉભી કરવામાં આવે છે. અને તાલુકા કક્ષાએ અછતની કામગીરી કરવામાં આવે છે. તેમજ જીલ્લા કક્ષાએથી સમગ્ર જીલ્લાની માહીતી એકત્રીત કરી અને આ અંગે સરકારશ્રીમાં મોકલવામાં આવે છે.

અછતગ્રસ્ત વિસ્તારોમાં લોકોને રોજગારી મળી રહે તે હેતુથી રાહત કામો રાહત સમીતીમાં રજુ કરાવી અને મંજુર કરાવી અને રાહતકામો શરુ કરાવવામાં આવે છે. લોકોને પીવાનું પાણી સરળતાથી મળી રહે તે માટે પીવાના પાણીની દરખાસ્તો લાયઝન અધિકારીશ્રી મારફત પાણીની સમીતીમાં રજુ કરાવી અને ટેન્કરો દ્વારા લોકોને પુરુ પાડવામાં આવે છે.

પશુધારકોને પશુઓ માટે ઘાસચારો મળી રહે તે માટે ઘાસ કોન્ટ્રાકટર મારફત સમયસર ઘાસ પુરુ પાડે તેની દેખરેખ રાખવી, પાણી,ઘાસ અને રાહત કામો બરાબર અને વ્યવસ્થીત ચાલે છે તેના નિયમન માટે તપાસણી કરાવવી, અને ક્ષતીઓ જણાયતો ક્ષતીઓ દુર કરાવવી, ઢોરવાડા ચલાવવામાં ક્ષતીઓ જણાય તો તેવા ઢોરવાડા બંધ કરાવવા વિ. કામગીરી કરવામાં આવે છે.

સરકારશ્રી તરફથી અછતગ્રસ્ત વિસ્તાર જાહેર કરવામાં આવ્યેથી આવા સમયે અસરગ્રસ્ત વિસ્તારના લોકોને પુરતી રોજીરોટી મળી રહે તે માટે સબંધીત ખાતા/વિભાગો તરફથી રાહત

કામો જેવા કે, રોડ રસ્તાના કામો, તળાવ ઉંડા ઉતારવા, ખેત તલાવડી, તળાવો સુધારવા, તથા ગ્રામ વિકાસ એજન્સી તરફથી રજુ થતા કામોની દરખાસ્તોને મંજુરી આપવામાં આવે છે.

અછતગ્રસ્ત વિસ્તારના લોકોને પીવાનું પાણી સરળતાથી મળી રહે તે માટે ટેન્કરો દ્રારા પીવાનું પાણી પુરુ પાડવા માટે કોન્ટ્રાકટ આપવો, અને નજીકના વિસ્તારમાંથી ખાનગી કુવાઓમાંથી પાણી મેળવી અને લોકોને પીવાનું પાણી પુરુ પાડવાની કાર્યવાહી કરવામાં આવે છે.સરકારશ્રી તરફથી નકકી થયા મુજબ જયારે ઓછો વરસાદ થયેલ હોય તેવા સમયે ઉનાળાની ઋતુમાં પીવાનું પાણી સરળતાથી મળી રહે અને પાણીની તંગી ન પડે તે માટે તળાવ, જળાશયો,ડેમના પાણીનો જથ્થો અનામત રાખવા અંગે દરખાસ્ત આવ્યેથી નિર્ણય કરવામાં આવે છે. અને આ પાણી આવા સમયે પિયત માટે ઉપયોગમાં ન લેવાય તેની તકેદારી રાખવામાં આવે છે.

અછતના સમયે તાલુકા વિસ્તારમાં વૃધ્ધ અને નિરાધાર લોકો રાહત કામો ઉપર જઈ શકે તેમ ન હોય તેવા કિસ્સાઓમાં આવા લોકોની યાદીઓ મેળવી અને આવા લોકોને નિયમોનુસાર કેશડોલ્સ ચુકવવા માટે નીચેના અધિકારીશ્રીઓને સુચના માર્ગદર્શન આપવામાં આવે છે.

અછતના સમયે પશુઓને પુરતા પ્રમાણમાં ઘાસ મળી રહે તે માટે ઢોરવાડા ચલાવવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં મંજુરી આપવામાં આવે છે. અને આવા ઢોરવાડા સારી રીતે ચાલે તે અંગે પુરતી દેખરેખ રાખવામાં આવે છે. તેમજ જરુરીયાત મુજબ તાલુકા કક્ષાએ તથા ગ્રામ્ય વિસ્તારોમાં ઘાસડેપો ઉભા કરવામાં આવે છે જયાંથી નજીકના વિસ્તારના પશુપાલકો સરળતાથી સરકારી ધારાધોરણો મુજબ સરકારી ધારાધોરણ કિંમત મુજબ ઘાસ મેળવી શકે છે. પાંજરાપોળો, ગૌશાળાઓમાં સરકારશ્રી દ્રારા નકકી થાય તે ધોરણ પશુ દીઠ સબસીડી ચુકવવા અંગેના હુકમો કરવામાં આવે છે.

જાહેર તંત્રના રાજય,પ્રદેશ, જીલ્લો,બ્લોક વિ. સંસ્થાગત માળખાનો આલેખ.

જીલ્લો :– સુરેન્દ્રનગર. તાલુકાઓ :– (૧) વઢવાણ (૨) લીબડી (૩) ચુડા (૪) સાયલા (૫) ચોટીલા (૬) મુળી (૭) હળવદ (૮) ધ્રાંગધ્રા (૯) પાટડી (૧૦) લખતર.

જાહેરતંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ.

અછતના સમયમાં લોકો પાણીનો વપરાશ યોગ્ય અને વ્યાજબી રીતે કરે. પાણીનો બગાડ ન કરે તેની અન્ય લોકોને સમજ આપે. મુંગા પશુઓને પુરતા પ્રમાણાં ખોરાક મળી રહે તેમજ સરકારશ્રી દ્રારા ચલાવવામાં આવતા ઘાસડેપો,ઢોરવાડા તેમજ રાહત કામોમાં લોકો દ્રારા પુરતો સહયોગ આપવામાં આવે.

સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર.

અછતના સમય દરમ્યાન અછતગ્રસ્ત વિસ્તારોમાં લોકોને પીવાનું પાણી પુરતા પ્રમાણમાં મળી રહે તેમજ આ અંગે જીલ્લા કક્ષાએ કલેકટર કચેરી તેમજ તાલુકા કક્ષાએ મામલતદાર કચેરીમાં રજુઆત/ફરીયાદ કરી શકાય છે. લોકોની આવી ફરીયાદો રજુ થયેથી યોગ્ય તપાસ કરી અને ફરીયાદનો નિકાલ કરવામાં આવે છે.

કચેરી શરુ થવાનો સમય :– સવારના ૧૦–૩૦ કલાકે.

કચેરી બંધ થવાનો સમય :– સાંજના ૧૮–૧૦ કલાકે.